ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



અજયકુમાર લક્ષ્મણભાઈ શ્રીમાળી
મો. ૭૩૮૩૬ ૨૫૧૮૮



રમ્ય અલ્પેશ પટેલ
ફોન : ૨૩૨૨૫૨૪૧
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬

સૅક્ટર-૨૩ સરકારી પ્રાથમિક શાળા ખાતે

# પર્યાવરણ લોકજાગૃતિ અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૮

સૅક્ટર-૨૩ સરકારી પ્રાથમિક શાળા ખાતે પારૂલ ઍસ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા પર્યાવરણ લોકજાગૃતિ અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા ગાંધીનગર મહા-નગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલે સ્વચ્છતા અંગે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. પતંજલિ યોગ સમિતિના લીગલ પ્રભારી યોગેશ જનસારીએ વિદ્યાર્થીઓને પ્રાણાયામ અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. લોકપ્રિય ગુજરાતી ફિલ્મ અભિનેત્રી મમતા સોનીએ સ્વચ્છતા અભિયાનમાં સૌને સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

પારૂલ ઍસ ફાઉન્ડેશનના મહામંત્રી નટવરસિંહ ચૌહાણે વૃક્ષોનું જતન કરવા તેમજ વ્યસનમુક્તિ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપપ્રમુખ વિષ્ણુ ઠાકોરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રમુખ સંજય ડોડિયા અને મમતા સોનીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનમાં સૅક્ટરના વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ શાળાનાં પ્રિન્સિપાલ હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત સૌ નાગરિકોને સ્વચ્છતા અને વૃક્ષોનું જતન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ફાઉન્ડેશન તરફથી વિનોદ પરમાર અને ચિરાગ મહેરિયાએ નાગરિકોને વિવિધ ફૂલછોડનું વિતરણ કર્યું હતું.



ઑલ ઈન્ડિયા વાડો કાઈ કરાટે ઍસોસિએશન દ્વારા ગત માસે દિલ્હી ખાતે આયોજિત રાષ્ટ્રીય સ્તરની ચૅમ્પિયનશીપમાં કુ. લિપ્સી ભટ્ટને સિલ્વર મૅડલ પ્રાપ્ત થયો છે. આ મૅડલ તેમણે ૫૫ કિગ્રા વેઈટ ગૃપ અને એબોવ-૧૮ કેટેગરીમાં હાંસલ કર્યો છે. આ મૅડલ તેમણે સિક્કીમની સ્પર્ધકને હરાવીને પ્રાપ્ત કર્યો હતો. લાંબી ફાઈટ બાદ રેફરીએ લિપ્સીને વિજેતા જાહેર કરી હતી. આ ચૅમ્પિયનશીપ દિલ્હીના ટાલકટોરા સ્ટેડિયમ ખાતે આયોજિત કરવામાં આવી હતી. ગાંધીનગરના કરાટે કોચ અરવિંદ રાણાના નેતૃત્ત્વમાં લિપ્સી ઉપરાંત અન્ય તાલીમાર્થીઓએ સુંદર રમતકૌશલનું પ્રદર્શન કર્યું હતું.

લિપ્સીને તેની આ સિદ્ધિ બદલ ત્રિવેદી મેવાડા સમાજ અને ભટ્ટ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.


## ડાયરેક્ટ સે

જાતને મળવાનો વિચાર
જાતે જ માંડી વાળ્યો;
વિચાર્યું,
આપણને ક્યાં
આપણી સાથે ફાવે છે ?
- કુંતલ નિમાવત

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## ધોરણ-૧૦માં ઉજ્જવળ પરિણામ મેળવતી કિશોરી



ગાંધીનગર, તા. ૮

તાજેતરમાં જાહેર થયેલાં સીબીઍસસીનાં ધોરણ-૧૦નાં પરિણામોમાં કુ. સાનિયા અશોક બગ્ગાએ ૯.૨ સીજીપીએ પ્રાપ્ત કરીને શાળા તથા પરિવારનું નામ રોશન કર્યું છે.

સાનિયાએ પોતાની આ સફળતાનું શ્રોય પોતાના પરિવાર, શિક્ષકો અને મિત્રો, શુભેચ્છકોને અર્પણ કરીને તેમના પ્રતિ કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરી છે.

# દહેગામ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરાયું

## ઈન્ડિન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાનું આયોજન : કલોલ શાખાએ રક્ત એકઠું કર્યું

ગાંધીનગર, તા. ૮

શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, રખિયાલ રોડ, દહેગામ ખાતે પૃથ્વીરાજ ચૌહાણની જન્મજયંતિ નિમિત્તે ઈન્ડિન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા રક્તદાન શિબિરનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું.

જય માતાજી ક્ષત્રિય સમાજ સેવા ચૅરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આયોજિત આ શિબિરમાં યુવાનો દ્વારા ૨૩ યુનિટ જેટલું રક્તદાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સૅક્રેટરી ઍડવોકેટ હિતેષ બી રાવલ અને દિલીપભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાતાઓને પ્રોત્સાહનરૂપે સમર કૅપ, પ્લાસ્ટીકના પાંચ ડબ્બાનો સૅટ તથા સર્ટીફિકેટ આપવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, કલોલ બ્લડ બૅન્ક દ્વારા આ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

# કૈલાસ ગુરુકુલ, મહુવા ખાતે ૮મું સદ્‌ભાવના પર્વ યોજાયું

ગાંધીનગર, તા. ૮

'વિશ્વગ્રામ' પ્રેરિત સદ્‌ભાવના પર્વ-૮ કૈલાસ ગુરુકુલ, મહુવા ખાતે યોજાયું હતું.

ગાંધીનગરના ડૉ. ભાસ્કર એ શુક્લ જણાવે છે કે પર્વના પ્રારંભે સંસ્થાના સંજયભાઈએ પર્વની ભૂમિકા પ્રસ્તુત કરી હતી. ત્યારબાદ પૂર્વ કેન્દ્રીય પ્રધાન આરીફ મહોમ્મદ ખાને 'ધર્મ અને સંવાદિતા' વિષયે મનનીય પ્રવચન આપ્યું હતું. જાણીતાં સાહિત્યકાર શરીફા વીજળીવાળાએ 'નાટક, કવિતા તેમજ સાહિત્ય દ્વારા સંવાદિતા'નો ખ્યાલ આપ્યો હતો. રાત્રિ બેઠકમાં રતિલાલ બોરીસાગર તેમજ ડંકેશ ઓઝાએ 'સદ્‌ભાવના ફોરમ'ના ભાવિ કાર્યક્રમો અંગે ખ્યાલ આપ્યો હતો. બીજે દિવસે સંત મોરારિબાપુએ શ્રોતા તરીકે બંને બેઠકોમાં હાજરી આપી હતી. 'લોકશાહી મૂલ્યો અને સંવાદિતા' વિષય પર પત્રકાર સુધીન્દ્ર કુલકર્ણી અને પૂર્વ નૌસેના અધ્યક્ષ ઍડમિરલ રામદાસે વ્યાખ્યાન આપ્યું હતું. રાત્રિ બેઠકમાં આંતરરાષ્ટ્રીય કબીર ગાયક શબનમ વિરમાણી અને વિપુલ રિકિએ કબીરનાં ભજનો સૂફી સ્ટાઈલમાં ગાઈને શ્રોતાઓને રસ તરબોળ કરી દીધા હતા.

ત્રીજે દિવસે મોરારિબાપુના હસ્તે લેખિકા શરીફા વીજળીવાળા અને શબનમ વીરમાણીને સદ્‌ભાવના ઍવોર્ડથી સન્માનવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મોરારિબાપુએ પોતાની લાક્ષણિક શૈલીમાં સદ્‌ભાવના પર્વના વક્તાઓ અને ગુજરાતભરમાંથી પધારેલા ભાવકો પ્રત્યે આનંદ, આભારની લાગણી પ્રગટ કરી હતી.

આ પર્વમાં ૪૦૦ ઉપરાંત ભાવકો ઉપસ્થિત રહ્યા હતા, જેમના માટે રહેવા-જમવાની સંપૂર્ણ વ્યવસ્થા કૈલાસ ગુરુકુલ પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

# ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'મૌસમ બીતા જાય' કાર્યક્રમ

## સંસ્કૃતિ સંસ્થા દ્વારા નવા વર્ષના પ્રથમ કાર્યક્રમ તરીકે હિન્દી ફિલ્મનાં સમૂહ ગીતો રજૂ થશે

ગાંધીનગર, તા. ૮

સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ, રાજેશ વૈષ્ણવ, ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના સદાબહાર સમૂહ ગીતોની રજૂઆતનો કાર્યક્રમ 'મૌસમ બીતા જાય' શનિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે પ્રસ્તુત થઈ રહ્યો છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું છે કે સંસ્થાના વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ કાર્યક્રમ તરીકે 'મૌસમ બીતા જાય' કાર્યક્રમ શનિવાર, તા. ૧૦ જૂનના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે પ્રસ્તુત થઈ રહ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત ગાયક તરીકે રાજેશ વૈષ્ણવ, હિરેન વૈષ્ણવ, હારિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સુરભિ પરમાર, ભૂમિ મહેતા, સંગતી મહેતા અને માધુરી વૈષ્ણવ હિન્દી સિનેમાનાં સદાબહાર સમૂહ ગીતોની મોજ કરાવશે તથા ખ્યાતિ મહેતા કાર્યક્રમનું રસદર્શન કરાવશે. વાદ્યકાર તરીકે દેવેન્દ્ર મહેતા, કર્મવીર મહેતા, ટોની, ડૉ. નીરવ પંડ્યા, મિલન મહેતા, હિમાંશુ ભટ્ટ અને અજીત પરમાર પોતાનું કલાકૌશલ પ્રદર્શિત કરશે.

# હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ ફી નિયમન સમિતિ ગેરકાયદેસર

ગાંધીનગર, તા. ૮

ખાનગી શાળાઓની ફી નિર્ધારણના માટેની સમિતિમાં વાલીઓ કે વાલીમંડળોને પ્રતિનિધિત્વ ન અપાતા હાઈકોર્ટ સમક્ષ જાહેરહિતની અરજી કરવામાં આવી છે. આ રિટની સુનાવણી દરમિયાન અરજદાર તરફથી એવી રજૂઆત કરાઈ છે કે, 'સરકારે જાહેરનામું કર્યા બાદ નિયમો અમલી બનાવ્યા છે. જો કે આ નિયમો વિધાનસભામાંથી પસાર થવા જોઈએ. તેથી ફી નિયમન સમિતિ જ ગેરકાયદેસર છે.' જ્યારે સરકાર તરફથી રજૂઆત થઈ હતી કે, 'ફી નિયમન માટે સરકારે ચાર ઝોનમાં ચાર સમિતિઓ બનાવી છે. જેમાં જજો, સીએ, ઉપરાંત ઉચ્ચ કક્ષાના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.' જો કે, હવે ફી નિર્ધારણ કાયદાને પડકારતી તમામ રિટની સાથે આ રિટની સુનાવણી પણ ૧૨મી જૂનના રોજ મુકરર કરાઈ છે.

ખાનગી શાળાઓમાં ફી નક્કી કરવા રાજ્ય સરકારે બનાવેલી ફી નિર્ધારણ સમિતિમાં વાલીઓનું પ્રતિનિધિત્વ રાખવાની દાદ માંગતી જાહેરહિતની અરજી કરવામાં આવી છે. જેની સાથે જ અરજદારે વધુ એક અરજી દાખલ કરી હતી અને જણાવ્યું હતું કે, 'સરકાર ફી પર અંકુશ મુકવા માગે છે, પરંતુ હકીકતમાં તો સમગ્ર શિક્ષણની વ્યવસ્થા પર મોનિટરિંગ કરવાની જરૂર છે. સ્કૂલો ઊંચી ફી લે છે પરંતુ શિક્ષકોને યોગ્ય પગાર કે પૂર્ણ પગાર આપતી નથી. તેથી સારા શિક્ષકોનો અભાવ રહે છે.

ગાંધીનગરની ત્રિદલ સંસ્થા દ્વારા

# ગુજરાતી વિષયમાં વધારે ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૮

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા વર્ષ ૨૦૧૭માં લેવામાં આવેલી ધોરણ-૧૨ તથા ધોરણ-૧૦ની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ગાંધીનગર જિલ્લાના પ્રથમ ૩ વિદ્યાર્થીઓ તેમજ વિષય શિક્ષકોનું જાહેર અભિવાદન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ-૧૦માં ગુજરાતી વિષયમાં ૮૫થી વધુ ગુણ અને ધોરણ-૧૨માં ગુજરાતી વિષયમાં ૮૦થી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટની નકલ તેમજ પોતે ગાંધીનગર જિલ્લાના વતની છે એ બાબતનો પુરાવો ૩૦ જૂન સુધીમાં ભાનુપ્રસાદ પુરાણી, પ્લૉટ નં. ૧૦૩/૨, સૅક્ટર-૨ એ, ગાંધીનગર ખાતે મોકલી આપવા માટે સંસ્થાની આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ચિડા-દહીં મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૮

દર વર્ષની જેમ આ વર્ષે પણ હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ચિડા-દહીં મહોત્સવની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી જેમાં પાલકી ઉત્સવ, ભગવાન શ્રી શ્રી નિતાઈ ગૌરાંગને ભવ્ય અભિષેક અને નૌકાવિહાર તેમજ ઉપસ્થિત સર્વે ભક્તોનો ચિડા-દહીં મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ઉત્સવ દરમ્યાન મંદિરમાં આવેલ કુંડને રંગબેરંગી ફૂલો કે જે નિર્મળ જળ ઉપર તરતા રહે તેમ સુંદરરીતે શણગારવામાં આવ્યો હતો. ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને મંદિરના મુખ્ય ગર્ભગૃહમાંથી સુંદર રીતે શણગારેલ પાલકી દ્વારા મંદિરકુંડમાં લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ભગવાનશ્રીનો દૂધ, દહીં, મધ, ગોળનુ પાણી, અને વિશેષ ફળોના રસ દ્વારા ભવ્ય અભિષેક કરવામાં આવ્યો. અભિષેકના જ ભાગરૂપે ભગવાનની પ્રતિમાને કુંડમાં ડૂબાડીને સ્નાન કરાવવામા આવ્યું તેમજ તેમને પૂષ્પો અર્પણ કરવામાં આવ્યા. અભિષેક બાદ ભવ્ય આરતી કરવામાં આવી અને ત્યારબાદ ભગવાનની પ્રતિમાને મંદિરના કુંડમાં નૌકાવિહાર કરાવવામાં આવી. પૌઆને ઘટ્ટકરલે દૂધ, દહીં, ખાંડ, કેરી વિગેરે સાથે મિશ્ર કરીને જે રીતે રઘુનાથ દાસા કે જે ચૈતન્ય મહાપ્રભુ (ભગવાન શ્રીકૃષ્ણનો જ અવતાર) ના સર્વોચ્ચ ભક્ત હતા જેમણે આશરે ૫૦૦ વર્ષ પહેલા કલકત્તા નજીક આવેલ પાનીહાટી ગામમાં એ સમયે ભક્તો માટે જે રીતે બધી તૈયારી કરી હતી તે મુજબ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો બનનાવવામાં આવ્યા હતા. આ બધા જ વ્યંજનો ભગવાન શ્રી શ્રી નિતાઈ-ગૌરાંગને અર્પણ કર્યા બાદ સૌ ભાવિભક્તોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું.

# 'કનેક્ટ વીથ નેચર, પ્લગ ગ્લોબલ વોર્મિંગ' અંગે નેશનલ કન્વેન્શન

ગાંધીનગર, તા. ૮

પ્રોગ્રેસિવ ફાઉન્ડેશન ઓફ હ્યુમન રાઈટ્સ (પીએફએચઆર) દ્વારા તેના પ્રારંભથી જ દેશમાં નિયમિતપણે સેમીનાર્સ, પરિષદો, વુમન્સ ડે,એન્વાયર્નમેન્ટ ડે, હેલ્થ ડે, હ્યુમન રાઈટ્સ ડે, યોગ દિવસ, ગ્લોબલ વોર્મિંગ, કલ્ચરલ ઈવેન્ટસ, એન્ટી ટેરરિઝમ ડે, નુડ નાટકો (સ્ટ્રીટ પ્લે), ગ્રામીણ અને શહેરી ગરીબ બાળકો અને યુવાનો માટે ટેલેન્ટ હન્ટ જેવા કાર્યક્રમો યોજે છે અને નવોદિત પેઢીઓ માટે વિવિધ રમતો માટે સ્પોર્ટિંગ ઈવેન્ટ્સનું આયોજન કરે છે. આ ઉપરાંત તે અનેક બ્લડ ડોનેશન કેમ્પ્સ અમારા દેશભરમાં એટલે કે વારાણસી, દિલ્હી, કોલકાતા, મુંબઈ, ગાંધીનગર, શિમલા, ચંદીગઢ, રાયપુર, રાંચી, પટણા, જલંધર, ગોવા, હૈદરાબાદ, બેંગલુરુ, શ્રીનગર, દહેરાદૂન, વિકાસ નગર (ઉત્તરાખંડ), લખનૌ, ભોપાલ વગેરે શહેરોમાં ફેલાયેલા હજારો સભ્યો અને વોલન્ટીયર્સના મજબૂત નેટવર્ક સાથે યોજાય છે જેનાથી સેંકડો જિંદગીઓ બચાવવામાં આવે છે.




પીએફએચઆર માનવાધિકારોની સંપૂર્ણ રેન્જ જેમકે સિવિલ, પોલિટિકલ, ઈકોનોમિક, સોશિયલ તથા કલ્ચરલ રાઈટ્સ પર પણ લક્ષ આપે છે અને ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કન્વેનન્ટ્સ તરીકે નામના મેળવી છે. આ જનશિક્ષણ, કમ્યુનિટી લીડર્સ માટે કેપેસિટી બિલ્ડીંગના પ્રયાસો તેમજ ગ્રાસરુટ સ્ટ્રક્ચર્સ સાથે કોલોબરેશન મજબૂત કરવા, સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ, મીડિયા કેમ્પેન, માસ એમ્પાવરમેન્ટ, રિસર્ચ, મોનિટરીંગ, ડોક્યુમેન્ટેશન અને રિપોર્ટીંગ, સ્ટ્રેટેજિક લિટિગેશન અને લેજિસ્લેટિવ એનેલિસિસ, રિવ્યુ અને એડવોકસી દ્વારા થાય છે. પીએફએચઆરનું લીગલ સેલ મફત કાનૂની સલાહ અને મદદ પોતાના અધિકારોથી વંચિત નબળા વર્ગના લોકોને આપે છે, ભારતના બંધારણને અનુસરીને આ કામગીરી થાય છે અને તે ગરીબોનો અવાજ દૂર સુધી લઈ જવા માટે ડેમોક્રેટિક દેખાવો કરે છે. વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ડે એ વિશ્વભરમાં પર્યાવરણ અંગેની જાગૃતિ અને કામગીરીનો ફેલાવો કરવા માટેનું યુનાઈટેડ નેશન્સનું મુખ્ય સાધન છે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ૧૯૭૨થી શરૂ થઈ છે. આ એ દિવસ પણ છે જેમાં તમામ વર્ગોના લોકો એકસાથે મળીને પોતાના માટે તથા આગામી પેઢીઓ માટે વધુ સ્વચ્છ, વધુ હરિયાળા અને વધુ ઉજ્જવળ આઉટલૂકને સુનિશ્ચિત કરી શકે છે. ૨૦૧૭ના વિશ્વ પર્યાવરણ દિવસની વૈશ્વિક ઉજવણીનો હિસ્સો બનીને પીએફએચઆર આ નેશનલ કન્વેન્શનનું આયોજન 'કનેક્ટ વીથ નેચર, પ્લગ ગ્લોબલ વોર્મિંગ' થીમ પર ઈન્ફોસિટી રિસોર્ટ ક્લબ, ગાંધીનગર, ગુજરાત ખાતે કરી રહ્યું છે. હાલ ભારતમાં વિક્રમી ગરમી પડી રહી છે, જે અગાઉના વર્ષોની તુલનામાં સૌથી ખરાબ સ્થિતિ દર્શાવે છે અને તેનાથી હજારો લોકોનાં મોત થયા છે. આ માનવજાત પર ગ્લોબલ વોર્મિંગની સીધી જ અસર છે.

વિજ્ઞાનીઓના મતે જેમ ગ્લોબલ વોર્મિંગ વધશે તેમ વૈશ્વિક તાપમાનમાં વધારો સામાન્યપણે જોવા મળશે. આ સ્થિતિમાં ઘાતક હિટ વેવની સ્થિતિ આવી શકે છે જે ૨૦૪૦ સુધીમાં ૧૨ ગણી વધુ કપરી સ્થિતિ સર્જી શકે છે. ક્લાઈમેટ ચેન્જની ભાવિ અસરો અનેકવિદ રીતે ક્લાઈમેટ ચેન્જ પોલિસીઝ અને સામાજિક વિકાસ પર નિર્ભર છે. ક્લાઈમેટ ચેન્જને સ્પર્શતી બે મુખ્ય નીતિઓ હ્યુમન ગ્રીન હાઉસ ગેસ એમિશન્સ (ક્લાઈમેટ ચેન્જ મિટિગેશન)માં ઘટાડા અંગે તથા ક્લાઈમેટ ચેન્જની અસરોનો સ્વીકાર કરવાને લગતી છે. આ ઉપરાંત અન્ય પોલિસી વિકલ્પ તરીકે જિયો-એન્જિનિયરીંગ તેમાં સામેલ છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

## 'મારું પ્રિય પુસ્તક'